**રે.મુ.નં – ૮૨/૦૯ વાળા કામે વાદીના સાહેદ – ઈરફાનભાઈ રસુલભાઈ મન્સુરીની આંક– ૧૬૭ તળે ઉલટ – તપાસ**

**સોંગદ આપ્યા –**

**ઉલટ – તપાસ આરોપીના વકીલ શ્રી તરફે ડી.સી.જોષી**

એ વાત ખરી છે કે દાવા વાળી તકરારી જગ્યા મે જોયેલી છે. એ વાત ખરી છે કે દાવા વાળી જગ્યાની ચતુસીમામાં પૂર્વ કોતર આવેલ છે પશ્ચીમે રાજમાર્ગ આવેલ છે અને ઉતર દીશાએ કુમાર શાળા આવેલી છે અને દક્ષીણ દીશાએ અજમેરી ગાદલા વર્કસ વાળું મકાન આવેલ છે. આ તકરારી જગ્યા સર્વે નંબર – ૭૬૧ /૪ માં આવેલી છે. એ વાત ખરી નથી કે મે મારી જુબાની માં તકરારી મીકલતની ચતુસીમા ખોટી લખેલી છે.

આ મજીસ્દ સર્વે નંબર – ૭૬૨/૪ માં આવેલી છે. એ વાત ખરીછ ે કે મસ્જીદ અને તકરારી જગ્યા અલગ – અલગ મીકલતો છે. એ વાત ખરી નથી કે તકરારી જગ્યા માંડવા સ્ટેટ તરફથી મસ્જીદ ટ્રસ્ટના જે તે વખતના વહીવટ કર્તાઓને કાયમ માટે પ્રાપ્ત થયેલી તે અંગે દસ્તાવેજી પુરાવા તમોએ રજુ કરેલ નથી.

હું જન્મ થી ચાણોદ મુકામે રહુ છું. મારો જન્મ સને ૧૯૮૦ માં થયેલો. એ વાત ખરી છે કે સને ૧૯૮૦માં જન્મ થયેલ હોય તે પહેલાની મને કોઈ જાત માહીતી નથી.

એ વાત ખરી છે કે આ તકરારી જગ્યાએ વર્ષો પહેલા રસનું કોલું હતું.એ વાત ખરી છે કે માંડવા સ્ટેટ એ સર્વે નં ૭૬૨/૪ વાળી જગ્યા મસ્જીદ બનાવા માટે આપેલી. એ વાતની મને ખબર નથી કે આ તકરારી મીલકત માટે અમારા કયાં કયાં અને કેટલા કેશ ચાલેલા.

એ વાત ખરી છે કે તકરારી મીલકત ની દક્ષીણ બાજુએ અજમેરી ગાદલા વર્કસ ની દીવાલ આવેલ છે. એ વાત ખરી નથી કે તકરારી મીલકતની દક્ષીણ બાજુએ આવેલ અજમેરી ગાદલા વર્કસની દીવાલમાં બારી – દરવાજા આવેલા ન

હતા.એ વાત ખરી છે કે મસ્જીદ નો પ્રવેશ દ્વાર પશ્ચીમ દીશા તરફ આવેલો છે.

એ વાત ખરી નથી કે મે મારી સોંગદ પરની જુબાની માં એવું લખેલ છે કે ૧૫ × ૧૧૫ ચો.ફૂટ ની જમીન માંડવા સ્ટેટ એ મસ્જીદ બનાવવા આપેલી તે હકકીત ખોટી જણાવું છું.

**સવાલ –** તકરારી જગ્યામાં આગળના ભાગે મજમીલભાઈ એ પતરાનો શેડ મારી ઠંડાની ગે.કા દુકાન કરેલી છે ?

**જવાબ –** મસ્જીદના કબ્જા ભોગવટાની જગ્યામાં મજમીલભાઈ ને મસ્જીદે ઠંડા પીણાની દુકાન કરવા જગ્યા આપેલી છે.

એ વાત ખરી છે કે અમોએ કોઈ ઠરાવ કરીને મજમીલભાઈ ને જગ્યા આપેલ નથી.સાહેદ જણાવે છે કે મજમીલભાઈ પોતે પણ ટ્રસ્ટી છે અને મસ્જીદ ની પોતાની કોઈ આવક ન હોય.

એ વાત ખરી નથી કે આ તકરારી જગ્યા પંચાયતની માલીકી ની છે . એ વાત ખરી છે કે પંચાયત એ દુર કરવા નોટીસ આપેલી.

મને લખતા વાંચતા આવડે છે. એ વાત ખરી છે કે પંચાયતે દબાણ દુર કરવા નોટીસ આપેલી છે. એ વાત ખરી નથી કે પંચાયતે ગેરકાયદેસર દબાણ દુર કરવા નોટીસ આપેલી .એ વાત ખરી નથી કે નોટીસનો જવાબ આપેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી.

એ વાત ખરી નથી કે આવી કોઈ માલીકીની જગ્યા આવેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપું છું.

ઉલટ – તપાસ પુરી. ફેર તપાસ નથી.

સાહેદની જુબાની વાંચી સંભાળવતા તે ખરી હોવાનું કબુલ રાખેછે.

**ડભોઈ.તા.૧૮/૦૪/૨૪** **અમારા રુબરુ**

**(કે.એસ.ખન્ના )**
**જયુ.મેજી ફ.ક ,**
**ડભોઈ**

Addi.Civil Judge,dabhoi

।

Addi.Civil Judge,dabhoi